Research Paper

Volume : 4 | Issue : 3 | March 2015 • ISSN No 2277 - 8179

# Lupt Thati Lok Kala Sunskruti Ane Varso Pravasan Udhyog Sundarbhe Abhyas (Gujarat Rajyana Tapi Jillana Vyara Ane Songadh Talukana Sandarbh)

Commerce

KEYWORDS :

**ALKABEN H. PATEL**

ASSOCIATE PROFESSOR, DEPARTMENT OF COMMERCE, ARTS & COMMERCE COLEGE MOTAPONDHA

પ્રસ્તાવના:-
પ્રવાસન ઉદ્યોગએ દુનિયાના કોઈપણ દેશને આજે તેના અર્થતંત્રના વિકાસમાં સૌથી મદદરૂપ થનાર ઉદ્યોગ બની શકે છે. માટે દરેક દેશે અવગણના ન કરતા આ ઉદ્યોગનું મહત્વ સમજવું જરૂરી છે. આ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી માળખાગત સવલતો ઉભી કરવી અને સંચાલનની દ્રષ્ટીએ જરૂરી ફેરફારો કરવા વિચારવું જરૂરી છે. અને માટે જ આજે દુનિયાના ઘણા દેશોએ આ બાબત સમજી પોતાને મળેલ કુદરતી સંપત્તિ અને પોતાના દેશની માનવસંપત્તિથી રચાયેલ માનવસર્જિત પ્રવાસન ધામોને જરૂરી ઓપ આપી તેનો ઉદ્યોગ સ્વરૂપે લાભ લેવાનાં પ્રયત્નો આરંભી દીધા છે.

માટે ભારત દેશે પણ આ બાબતને સ્વીકારી પોતાના આ ક્ષેત્રના વિકાસના પ્રયત્નો શરૂ કરી દીધા છે. ગુજરાત પણ તેમાં બાકાત નથી છતાં હજી પણ દરેક પ્રદેશમાં બધા જ સ્થળોને જોઈએ તેટલું મહત્વ મળ્યું નથી. સ્થળોની માવજત નથી માટે ક્યાંક આવા સ્થળોની દશા સારી જોવા મળતી નથી. જે ગુજરાતમાં પણ સ્થિતિ દેખાય છે તો હજી પણ જાગૃત થવું જરૂરી જે કંઈ સંસ્કૃતિ, વારસો, લોકકલા ભવ્ય ભુતકાળના અવશેષો બચ્યા છે. તેને પણ સાચવી ભવિષ્યની પેઢીને પ્રેરણા માટે તેવા સ્થળોનો પ્રવાસન ઉદ્યોગ સ્વરૂપે વિકાસ કરવાનો પ્રયત્ન થવો જરૂરી અને એ માટે જરૂરી છે. આવા સ્થળોની જાળવણી માટે માળખાગત સવલતોની અને તેમાંનો જ એક પ્રયત્ન છે આવા સ્થળોને વધુ પ્રકાશિત પણ કરવા અને તે માટે પણ સંસોધનો પણ સાથે જરૂરી છે. માટે જ મે આ સ્વરૂપે પણ એક પ્રયત્ન કર્યો છે. કારણ કે ગુજરાતમાં અનાજ ખૂટશે તો તે તો વિદેશથી આયાત કરીને પણ મંગાવી શકાશે. પરંતુ જો આપણી આ લોકકલા સંસ્કૃતી, વારસો, નષ્ટ પામ્યા તો એ આપણે આયાત કરી શકવાના નથી. માટે જરૂરી છે. એ વારસાને જાળવવો. તોજ સમાજમાં આપણી પ્રાચીન કલા, સંસ્કૃતિ વારસો જીવશે, અને આપણા એ ભવ્ય ભૂતકાળની સાથે દેશ જીવશે.

સમસ્યા કથન:-
અમે આ પ્રોજેક્ટ લુપ્ત થતી લોકકલા સંસ્કૃતિ અને વારસાનો પ્રવાસન ઉદ્યોગ સંદર્ભે અભ્યાસ (દ.ગુ. ના તાપી જીલ્લાના વ્યારા અને સોનગઢ તાલુકા સંદર્ભે) એક અભ્યાસનો વિષય પસંદ કર્યો છે. આ વિષય પસંદ કરવાનો મારો મુખ્ય હેતુ કોઈ મોટું સંશોધન કરવાનો નથી. પરંતુ પસંદ કરેલ વિસ્તારમાં ખરેખર અત્યાર સુધીમાં અગત્યના સ્થળોની દશા શું છે અને તેની જાળવણી કેવી થઇ અને ન થઈ તો કેમ નથી થઈ અને હજુ પણ તેને સાચવવા શું કરવું જોઈએ ? તે વિચારવાનો છે. જેથી ભવિષ્ય માટેનાં એ સાચવવાના ઉપાયો વિચારી શકાય તેવું જ્ઞાન વધારવાનો છે. અમને જેટલી માહિતી મળી તે મુજબ કાર્યક્ષેત્રને વિસ્તાર્યું છે અને અભ્યાસ કરી જરૂરી સૂચનો રજુ કરી કર્યાં છે.

અભ્યાસના હેતુઓ:-
૧. સોનગઢ અને વ્યારા તાલુકાના અગત્યના સ્થળોનો અભ્યાસ

૨. આ તાલુકાના અગત્યના સ્થળોની વર્તમાન સ્થિતિના પ્રશ્નોના અભ્યાસ.

૩. અગત્યના સ્થળોની સ્થિતિના પ્રશ્નોના નિરાકરણ અંગેના ઉપાયો કઈ રીતે થઈ શકે તેનો અભ્યાસ.

અભ્યાસની ઉપકલ્પનાઓ:-
સોનગઢ અને વ્યારા તાલુકામાં વર્તમાન સંજોગોમાં અગત્યના સ્થળોમાં વૈશ્વિક કક્ષાએ આવેલા ફેરફારોને અનુરૂપ પરિવર્તન નહિ હોય.

સોનગઢ અને વ્યારા તાલુકામાં એ પરિવર્તન માટે જરૂરી સવલતોના પ્રયત્નો પૂરતા ન હોય.

એ જરૂરી પ્રયત્નો માટેની પુરતી સમજ ત્યાંના સ્થાનિક લોકોમાં પણ નહી હોય.

સંશોધનનું સીમાંકન:-
સંશોધન સીમા તાપી જીલ્લાના સોનગઢ અને વ્યારા તાલુકા પૂરતી મર્યાદિત રાખવામાં આવી છે. અને એમાં પણ અગત્યના સ્થળોનો જ સમાવેશ કરવામાં આવ્યો.

વ્યાપ વિશ્વ અને નમૂનાની પસંદગી:-
માહિતી ભેગી કરવા માટે બંને તાલુકાના અગત્યના સ્થળોની પસંદગી કરવામાં આવી જો કે મોટાભાગનો વિસ્તારને અભ્યાસ અર્થે આવરી લેવામાં આવ્યો. છે.

સંશોધનના ઉપકરણો:-
અભ્યાસના હેતુઓને ધ્યાનમાં લઈ અભ્યાસ માટેની માહિતી ભેગી કરવા માટે મુલાકાત અને નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. જેમાં જે તે સ્થળોની માહિતી મેળવવા સ્થળો પર જાતે જઈ જોઈ ફોટાઓ લઈ સ્થળની અગાઉની માહિતીઓ જાણવા સ્થળ પર મળતા માણસો તથા સ્થળ સંચાલકો સાથે પણ ચર્ચાઓ કરવામાં આવી અને સ્થળોની લેખિત માહિતીઓ પરથી પણ માહિતીની નોધ કરવામાં આવી અને સ્થળોની સ્થિતિમાં કેવા ફેરફારો થયા છે કે થઈ રહ્યા છે અને કેવા ફેરફારો થવા જરૂરી છે તેની માહિતીઓની નોધ કરવામાં આવી છે.

માહિતી પ્રાપ્તીની પ્રવિધિ:-
આ પ્રોજેક્ટ અભ્યાસ માટે માહિતી ભેગી કરવા માટે નિરીક્ષણ પદ્ધતિ અને મુલાકાત પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. વિધાર્થીઓએ તો આ સ્થળોની મુલાકાત સંશોધન અર્થે વારંવાર લીધી અને સ્થળના લોકોની સાથે સ્થળો વિશે જાણવા ચર્ચા વિચારણાઓ પણ વારંવાર કરી.

વિશ્લેષણની પધ્ધતિ:-
માહિતી ભેગી કર્યાં બાદ મળેલ માહિતી ફોટાઓ સહિત તેને ગોઠવી જોવા જાણવા લાયક સ્વરૂપ રચવામાં આવ્યું.

કેટલાક નમુના સ્વરૂપ સ્થળોની માહિતી:-

વ્યારા તાલુકા સ્થિત શ્રી અંબાજી મંદિર



આ મંદિરની સ્થાપના તા. ૨૮/૦૧/૬૪ સવંત ૨૦૩૦ મહાસુદ ૫ ( વસંત પંચમી) ના દિન થઇ હતી. આ મંદિર ઘણું વિશાળ છે. આ મંદિરના બધા દેવી દેવતાઓના દર્શન કરતા લગભગ અડધો કલાક લાગે છે. ૨૦૦ જેટલી દેવી દેવતાઓની મૂર્તિઓ છે

આ ગુજરાતમાં સૌથી મોટું માતાજીનું મંદરિ છે.

ગાર્ડન વ્યારા



આ ગાર્ડન તળાવની વચ્ચે બનાવવામાં આવેલ છે. જેમાં બોટીગની સુવધિા પણ છે. ગાર્ડનની વચ્ચે ગુલાબના છોડનો સુંદર બગીચો અને વવિધિ પક્ષીઓનો ઉછેર કરવામાં આવે છે. સાથે અનેક જાતના વૃક્ષો છોડવાઓ તથા ફૂલો જોવા મળે છે.

વ્યારા - કલ્લિો :-



આ કલ્લિો ગાર્ડનની નજીક છે. જે સોનગઢના કલ્લિાનો જ ભાગ કહેવાય છે, સોનગઢનો કલ્લિો વ્યારા સુધીની હદમાં હતો. પરંતુ સમય જતાં તેનો વનિાશ થતો ગયો. છતાં આ હદની અંદર કેટલીક જગ્યાએ તેના સ્પષ્ટ પુરાવા નજરે જોવા મળે છે.

ડુંગરી મંદરિ - વ્યારા



આ બળયિા દાદાના મંદરિની સ્થાપના શ્રી ગોવંદિ બાબરના પતિશ્રીએ કરી હતી. આ મંદરિ નાનકડા ડુંગર પર છે. જેથી લોકો ડુંગરી મંદરિ તરીકે પણ ઓળખે છે જ્યાં બાબરવડ પણ છે. જે પ્રાચીન પણ છે અને એ મંદરિની સ્થાપના વખતથી છે એમ ત્યાંના લોકો કહે છે.

સોનગઢ કલ્લિો:-



સોનયિા ભીલના નામ પરથી આ ગામનું નામ સોનગઢ પડયું હોવાનું મનાય છે. સોનયિા ભીલે શવિાજી અને રાજાઓને મદદ કરી હોવાનું મનાય છે . જેથી શવિાજીએ હુમલો ના કર્યો હતો. પરંતુ કલ્લિો બંધાવી આપ્યો. સોનગઢ ૪૦૦ વર્ષ પુરાણો મનાય છે. કેટલાક સોનયિા ભીલને વણજારો માને છે. ગાયકવાડ રાજા પલિાજીરાવ અને યશવંતરાવનું તે વહીવટનું મુખ્ય કેન્દ્ર રહયું છે. લોકો તેને સોનાનો ગઢ માને છે તેથી તેને સોનગઢ કહેવાય છે. આ કલ્લિો ગાયકવાડોનું મુખ્ય થાણું હતું. કલ્લિા પર અનેક મંદરિો અને આજુબાજુમાં વાવ જોવા મળે છે.

લાખા વણજારાની વાવ:-



આ સોનગઢમાં આપેલ પ્રાચીન જોવાલાયક સ્થળ સ્વરૂપની પ્રાચીન પદ્ધત્તનિી રીતની અવશેષ સ્વરૂપની વાવ છે.

ગૌમુખ સોનગઢ:-



Volume : 4 | Issue : 3 | March 2015 • ISSN No 2277 - 8179




ગૌમુખ કે જે એક પૌરાણકિ સ્થળ છે જ્યાં માતાજીનો વાસ મનાય છે. અને આજે પણ ગંગામાં ગુપ્ત ગંગા સ્વરૂપે વહી રહ્યા છે. આ સ્થળ તાપી જીલ્લાના સોનગઢ તાલુકાની ૯ થી ૧૦ કી.મી. દુર આવેલ છે. કે જ્યાં વર્ષાઋતુ તથા શયિાળા દરમયિાન પાણીના ધોધની મઝા માણી શકાય છે.

ડોસવાડા (સોનગઢ) :-





સોનગઢની પશ્ચમિ ૮ કી.મી. સુરત ધુલયિા માર્ગ પર તે આવેલું છે. આ ગામનું નામ ડોસવાડા પડવાની માન્યતા છે કે અહી ૩૦૦ વર્ષ પહેલા પલિાજીરાવ તરફથી ગાયો રાખવામાં આવતી અને તેના દસ વાડાઓ હતા. આ દસ વાડાઓ ઉપરથી ગામનું નામ ડોસવાડા પડયું. બીજો મત એવો છે કે વણજારાઓ અહી વેપાર અર્થે આવતા ત્યારે અહી જુદા જુદા પ્રકારના પશુઓની હરાજીના બજાર ભરાતા. ત્રીજી માન્યતા અનુસાર ઈ.સ. ૧૭૧૧ થી ૧૭૬૬ વચ્ચે ગાયકવાડનું મુખ્ય મથક સોનગઢ હતું. તે સમયે ઘોડા માટે દસ કોડાઓ (વાડા) બાંધવામાં આવ્યા. હતા. જ્યાં ૨૦ એકરના ઘેરાવો પ્રમાણે ફરતો કોટ બાંધેલો છે. જે આજે પણ જોવા મળે છે.

અભ્યાસના તારણો:-

૧. અભ્યાસ હેઠળના સ્થળોની સ્થતિ િજોતાં લાગે છે કે સ્થળો સંસ્કૃત િલોકકલા, વારસાની જાળવણીમાં  નષ્ફિળતાના પંથે જઈ રહ્યા છે.

૨. અલૌકકિ ઈમારતો કલા કારીગરી વગેરે ખંડેરમાં પરવિર્તતિ થઇ ગયા છે અને થઈ રહ્યા છે.

૩. ભારતનો આ ભવ્ય ભૂતકાળ ભવષ્યિમાં કલ્પનામાં આવી જશે તે હાલતમાં પહોચી ગયો છે.

૪. વર્તમાનમાં પણ તેની જાળવણી માટે કોઈ કાળજી નથી લાગતી.

૫. ભાવપિઢી આ ઈતહિાસને ફક્ત પુસ્તકોમાં વાંચશે, કારણ કે તેમના માટે કદાચ સંસ્કૃતનિા અવશેષો પણ નહિાળવા માટે ટકવાના નથી.

૬. ક્યાંક કેટલાક સ્થળોનો જીર્ણોદ્ધરર થયો છે જે ઘણી સારી વાત છે.

૭. આવા મહત્વના સ્થળોના પ્રવાસન ઉદ્યોગ સ્વરૂપે પણ મહત્વ આપી પ્રકાશતિ કરી શક્યા હોત તે પ્રયાસ  પણ થતો નથી

૮. રાજા રજવાડાની એ ભવ્ય વરિાસતો સદી પહેલા જ કાળજી ન રાખવાથી નામશેષ થવાને આરે ઉભી છે. જે વહીવટી બનિકાર્યક્ષમતા બતાવે છે .

૯. દેશની મહત્વની ધરોહરો જે આવક પણ આપી શકે તેને મહત્વ અપાયું નથી

૧૦. ભાવપિઢીનો પેરણા સ્ત્રોત નષ્ટ થઇ રહયો છે. તે વચિારાયું નથી .

૧૧. આ સ્થળોનો પ્રવાસન ઉધોગ સ્વરૂપ વકિાસ થાય તો તેની સાથે સંકળાયેલ અન્ય પુરક ઉદ્યોગ કે સેવાઓના પણ વ્યાપ વધી શકે તે ધ્યાનમાં લેવાયું નથી

૧૨. દેશની બેકારી કે રોજગારી જેવા પ્રજ્નો નો હલ આમાંથી પણ મળી શકે તે પણ સમજાયું નથી.

૧૩. લોકોને ગમતા સ્થળોએ શાંતપિૂર્વકનો સમય વતિાવવાની તક મળશે તો માનસકિ  શાંત િમળશે તેઓ સ્ટ્રેસ મુક્ત બની શકશે જેથી તેમના જીવનધોરણ પર સારી અસર થશે તે  પણ સમજાયું નથી.

૧૪. આ વસ્તિારની આવી અગત્યની માહતિીઓ દૂર-દૂર સુધી લોકોની જાણકારી માટે સંદેશાવ્યવહારના માધ્યમોથી પ્રકાશતિ થવી જરૂરી તે પણ પૂરતી રીતે થયું નથી લાગતું.

૧૫. ખાનગીતંત્રને પણ આવા સ્થળોનું સંચાલન સોપી શકાય તે પણ અમલમાં મૂકાયું નથી લાગતું.

સૂચનો:-

૧. લુપ્ત થતી આ કલા, સંસ્કૃત િઅને વારસાને જાળવવા હજુ પણ સૌએ જાગવું જરૂરી.

૨. ભલે એ  વારસાના અવશેષો બચ્યા છે તેને પણ જાળવીશું તો જ ભાવી પેઢી તેને અવશેષ સ્વરૂપે પણ જાણી વાસ્તવકિ રીતે તેનો ઉપયોગ પણ કરી શકશે.

૩. ભાવી પેઢીને એક પ્રેરણાદાયક વાતાવરણ પૂરું પાડી શકશે.

૪. સંશોધકોએ પણ આવા ક્ષેત્રેનું આવું સંશોધન કરી તેને જાળવી લેવું જરૂરી.

૫. વિદ્યાર્થીઓને આવા અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવા જરૂરી છે.

૬. જે તે વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓ એ પોતાની આજુબાજુ આવેલ આવા વારસાને જાણી આવી રીતે પણ સંગ્રહવાનો પ્રયાસ કરવો જોઈએ. જે એક સરાહનીય કાર્ય ગણાશે.

૭. સરકારી તંત્ર અને સ્થાનિક વહીવટકારો તથા પ્રજાએ સૌએ સાથે મળી આપણી પ્રાચીન ભવ્ય કલાઓ, સંસ્કૃતિતથા વારસાને ટકાવવાના સામુહિક પ્રયત્નો કરવા જોઈએ.

૮. પ્રવાસન સ્થળો સ્વરૂપે તેમને તૈયાર કરી તે રીતે ખુલ્લા મૂકવા જરૂરી અને નિહાળવા આવનાર પાસેથી નજીવી ફી લઈ તે રકમનો ઉપયોગ એવા સ્થળોની જાળવણીમાં જ કરવો જરૂરી છે. તો પણ કદાચ આવી કલા અને વારસો લાંબો સમય ટકશે.

૯. જો આવા સ્થળોએ પ્રવાસન ઉદ્યોગની રીતે ઓપ આપવામાં આવશે તો તેની સાથે સંકળાયેલ પૂરક ઉદ્યોગોનો પણ વિકાસ થઇ શકશે. દા.ત. એ વિસ્તારમાં બનતી ગૃહ ઉદ્યોગોની વસ્તુઓના વેચાણમાં વધારો થશે.

૧૦. સેવાઓ સુધારતા તેમાં પણ રોજગારી વધશે. દા.ત. વાહનવ્યવહારની સેવા વધી શકશે તો ડ્રાઈવરોની જરૂર પડશે. ગાઈડોની જરૂર પડશે.

૧૧. સ્થળના ગરીબ લોકોનો વિકાસ થશે. આર્થિક દ્રષ્ટિએ પણ તેઓને જીવનધોરણમાં પરિવર્તન આવશે.

૧૨. પ્રવાસે આવતા લોકોને પણ ગમતા સ્થળોએ શાંતિપૂર્વકનો સમય વિતાવવાની તક મળશે તો માનસિક શાંતિ મળશે. તેઓ સ્ટ્રેસમુક્ત બની શકશે. જેથી તેમના જીવનધોરણ પર સારી અસર થશે.

૧૩. ભાવી સંશોધનકારોને એક નવો વિષય મળશે.

૧૪. દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો કરવા માટેનો સ્ત્રોત તરીકે આવા સ્થળોને તૈયાર કરવા જરૂરી જેથી રાષ્ટ્રીય આવક વધી શકે.

૧૫. આંતરરાષ્ટ્રીય સ્તર સુધી આવા સ્થળોને સંસ્કૃતિનો પ્રચાર થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી.

૧૬. ખાનગી તંત્રના સંચાલકોને પણ આવા ક્ષેત્રે જોડાવા આમંત્રણ આપવું જરૂરી.

૧૭. પ્રવાસન ઉદ્યોગોના વિકાસ માટેની જરૂરી સવલતોને અનુરૂપ સંચાલોકોની દ્રષ્ટીએ આ વિસ્તારમાં સવલતો ઊભી કરવી જરૂરી.

તો આ છે ગુજરાતના એક નાના ખૂણાની કલા, વારસો, અને સંસ્કૃતિની વિરાસતની જાળવણીના પ્રવાહોની કેટલીક ઝલકો. જેને નિહાળી જાણી આપને આપના વિસ્તારની આવા જ સ્થળોની જાળવણી અંગેના વિચાર જરૂર આવશે જ એવી અમે આશા રાખીએ છીએ.

## REFERENCE

૧. જે તે સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત અને ત્યાં રહેતા લોકો સાથે ચર્ચા વિચારણા.